પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૧૫ | ૨૮ જાન્યુઆરી, ૨૦૨૨, શુક્રવાર; પોષ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી



**તિરંગાને ૨૧ તોપની સલામી, શૌર્ય પુરસ્કારથી કરાયું જવાનોનું સન્માન : પ્રજાસત્તાક દિવસની પરેડની ઉજવણી મોદીની રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકની મુલાકાત સાથે શરૂ થઈ, ત્યાર બાદ શહીદ અમર જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી**

નવી દિલ્હી, તા.૨૭

૨૬ મી જાન્યુઆરી, આ એ તારીખ છે જ્યારે આઝાદ ભારતમાં ખરા અર્થમાં પ્રજાતંત્ર એટલેકે, પ્રજાની સત્તાની શરૂઆત થઈ લોકતંત્રનો અમલ થયો. એટલે જ તેને પ્રજાસત્તાક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વર્ષ ૧૯૪૭માં જ દેશને અંગ્રેજોથી આઝાદી મળી હતી, પરંતુ ત્રણ વર્ષ પછી ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ ભારતમાં બંધારણ અમલમાં આવ્યું. જેમાં ડૉ. ભીમરાવ આંબેડકરે બંધારણની મુસદ્દા સમિતિની અધ્યક્ષતા કરી હતી. ભારત આ વર્ષે તેનો ૭૩મો પ્રજાસત્તાક દિવસ ઉજવી રહ્યું છે. આ વખતે ગણતંત્ર દિવસની ઉજવણી થોડા દિવસો પહેલા જ શરૂ થઈ ગઈ હતી. વર્ષ ૧૯૪૭માં જ દેશને અંગ્રેજોથી આઝાદી મળી હતી, પરંતુ ત્રણ વર્ષ પછી ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ભારતમાં બંધારણ અમલમાં આવ્યું. આ કારણે દર વર્ષે ૨૬ જાન્યુઆરીએ ગણતંત્ર દિવસ ઉજવવામાં આવે છે. ડૉ. ભીમરાવ આંબેડકરે બંધારણની મુસદ્દા સમિતિની અધ્યક્ષતા કરી હતી. જો કે, દેશમાં દર વર્ષે ૨૬ નવેમ્બરે બંધારણ દિવસ ઉજવવામાં આવે છે, કારણ કે ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ ભારતની બંધારણ સભા દ્વારા ભારતનું બંધારણ અપનાવવામાં આવ્યું હતું. દર વર્ષની જેમ આ વખતે પણ પ્રજાસત્તાક દિનની સંપૂર્ણ તૈયારીઓ કરવામાં આવી છે.



દેશભરમાં પ્રજાસત્તાક દિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે. ૨૬ જાન્યુઆરીના દિવસનું મુખ્ય આકર્ષણ પરેડ છે, જે દિલ્હીના રાજપથથી શરૂ થાય

● અનુસંધાન પાન-૭ પર

## અરુણાચલથી લાપતા યુવાન ચીને ભારતને પરત સોંપ્યો

**૧૯ વર્ષીય મિરામ તારોન ૧૮ જાન્યુઆરીના રોજ અપર સિયાંગ જિલ્લાના જિદો ગામમાંથી લાપતા થયો હતો**



નવી દિલ્હી, તા.૨૭

ચીને અરૂણાચલ પ્રદેશથી લાપતા થયેલા યુવકને આખરે ભારતને પાછો સોંપી દીધો છે. કેન્દ્રીય કાયદા મંત્રી કિરેન રિજિજૂએ ટ્વિટરના માધ્યમથી આ અંગેની જાણકારી આપી હતી. તેમણે લખ્યું હતું કે, ચીની PLAએ અરૂણાચલ પ્રદેશના યુવક મિરામ તારોનને

● અનુસંધાન પાન-૭ પર

## કોવિશિલ્ડ-કોવેક્સિનને બજારમાં વેચવાની મંજૂરી

**ઓપન માર્કેટમાં આવ્યા બાદ સ્વદેશી કોવિશિલ્ડ અને કોવેક્સિન બન્નેની કિંમત ૨૭૫ રૂપિયા પ્રતિ ડોઝ અને ૧૫૦ રુપિયા વધારાના સર્વિસ ચાર્જ**

નવી દિલ્હી, તા.૨૭

કોરોના વાયરસ મહામારી સામેની લડાઈમાં કોવિડ વેક્સિનની ભૂમિકા ખૂબ જ નિર્ણાયક રહી છે. ભારતના દવા નિયામક (ડીસીજીઆઈ)એ કોવિશીલ્ડ અને કોવેક્સિનને બજારમાં વેચાણ માટેની મંજૂરી આપી દીધી છે. તેનો અર્થ એ નથી કે, કોરોના વેક્સિન જલ્દી જ દુકાનોમાં ઉપલબ્ધ થઈ જશે, પરંતુ વેક્સિનને હોસ્પિટલ અને ક્લિનીક પરથી ખરીદીને ત્યાં જ લગાવડાવી શકાશે. જાણવા મળ્યા મુજબ આ બંને વેક્સિન દુકાનો પર નહીં મળે. પ્રાઈવેટ હોસ્પિટલ્સ અને ક્લિનીક પરથી વેક્સિન ખરીદી શકાશે અને ત્યાં જ લગાવડાવવામાં આવશે. નવા ડ્રગ્સ એન્ડ ક્લિનીકલ ટ્રાયલ રૂલ. ૨૦૧૯ અંતર્ગત આ મંજૂરી આપવામાં આવી છે. શરતો અંતર્ગત ફર્મોએ જે ક્લિનીકલ પરીક્ષણો થાય તેના ડેટા પ્રસ્તુત કરવા પડશે. વેક્સિનેશન બાદ થનારા પ્રતિકૂળ પ્રભાવો પર નજર રાખવામાં આવશે. ઈમરજન્સી યુઝ ઓથરાઈઝેશનમાં ૧૫ દિવસમાં સેફ્ટી ડેટા ડીસીજીઆઈને પહોંચાડવાના હોય

● અનુસંધાન પાન-૭ પર

## એર ઈન્ડિયા પર હવે ટાટા જૂથનો સત્તાવાર કબજો

**ગુરુવારથી ટાટાએ એરઈન્ડિયાનો વહિવટ સંભાળ્યો, એનહાન્સ્ડ મીલ સર્વિસની પણ તબક્કાવાર શરુઆત થશે**

નવી દિલ્હી, તા.૨૭

દેવામાં ડૂબેલી એરલાઈન્સ કંપની એર ઈન્ડિયા ૬૯ વર્ષ પછી આજે ટાટા ગ્રૂપ સાથે ફરી એકવાર જોડાઈ જશે. આ માટે લગભગ તમામ કાયદાકીય કાર્યવાહીઓ સમાપ્ત થઈ ગઈ છે. મહારાજાની ચમકને પાછી લાવવા માટે ટાટા ગ્રૂપ હવે ઓનટાઈમ પર્ફોમન્સને મહત્વ આપશે. ગુરુવારથી એર ઈન્ડિયાની ફ્લાઈટ્સમાં એનહાન્સ્ડ મીલ સર્વિસની પણ તબક્કાવાર રીતે શરુઆત થવાની છે. એર ઈન્ડિયાને આજે સત્તાવાર ધોરણે ટાટા ગ્રૂપને સોંપવામાં આવશે. તેમાં ઉચ્ચ સરકારી અધિકારીઓની સાથે સાથે ટાટા સન્સના ચેરમેન એન ચંદ્રશેખરન પણ હાજર રહી શકે છે. એર ઈન્ડિયાની સ્થાપના ટાટા ગ્રુપે જ કરી હતી પરતુ ૬૯ વર્ષ પહેલા સરકારે તેનું રાષ્ટ્રીયકરણ કર્યુ હતું. પાછલા અનેક વર્ષોથી આ કપની નુકસાન સાથે ચાલી રહી હતી અને સરકારે પણ અનેક વાર એર ઈન્ડિયાને વેચવાનો પ્રયત્ન કર્યો હતો.

## દેશમાં ફરી કેસ વધ્યા : કોરોનાના ૨.૮૬ લાખ નવા કેસ નોંધાયા

**પોઝીટીવીટી રેટ ૧૬% થી વધીને ૧૯.૫% થયો : એક્ટિવ કેસ ૨૨ લાખ ૨ હજાર ૪૭૨**

નવી દિલ્હી,તા.૨૭

દેશમાં કોરોનાની બેકાબૂ ગતિ હજુ પણ યથાવત છે. કોરોના ચેપના છેલ્લા ૨૪ કલાક દરમિયાન, ૨,૮૬,૩૮૪ નવા કેસ નોંધાયા છે જ્યારે ૫૭૩ દર્દીઓએ જીવ ગુમાવ્યો છે. આ પછી દેશમાં એક્ટિવ કોરોના દર્દીઓની સંખ્યા વધીને ૨૨ લાખ ૨ હજાર ૪૭૨ થઈ ગઈ છે. કોરોનાની પોઝીટીવીટી રેટ ૧૬ ટકાથી વધીને ૧૯.૫ ટકા થઈ ગયો છે. છેલ્લા ચોવીસ કલાક દરમિયાન ૧૪ લાખ ૬૨ હજાર ૨૬૧ લોકોનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો. દેશમાં અત્યાર સુધીમાં ૭૨ કરોડ ૨૧ લોકોનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો છે. આ પહેલા બુધવારે કોરોના વાયરસના ૨ લાખ ૮૫ હજાર ૯૧૪ નવા કેસ નોંધાયા હતા અને ૬૬૫ લોકોના મોત થયા હતા. ચાલો જાણીએ કે દેશભરમાં કોરોના ચેપના કેટલા નવા કેસ નોંધાયા છે. બુધવારે મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના ચેપના ૩૫,૭૫૬ નવા કેસ નોંધાયા હતા અને રોગચાળાને કારણે ૭૯ દર્દીઓના મોત થયા હતા. આરોગ્ય વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા બુલેટિનમાં કહેવામાં આવ્યું છે કે છેલ્લા એક દિવસમાં રાજ્યમાં ઓમિક્રોન નામના વાયરસને કારણે ચેપનો કોઈ નવો કેસ નોંધાયો નથી. બુલેટિન અનુસાર, નવા કેસ આવ્યા બાદ કુલ કેસ વધીને ૭૬,૦૫,૧૮૧ થઈ ગયા છે. રાજ્યમાં કોવિડને કારણે અત્યાર સુધીમાં ૧,૪૨,૩૧૬ દર્દીઓના મોત થયા છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ઓમિક્રોનથી ચેપના ૨,૮૫૮ કેસ નોંધાયા છે, જેમાંથી ૧,૫૩૪ દર્દીઓ સાજા થયા છે.

## હૈદ્રાબાદમાં ડેલ્ટાના કેસ અચાનક વધતાં ચિંતા વધી

હૈદરાબાદ, તા.૨૭

દેશમાં ચાલી રહેલી કોરોનાની ત્રીજી લહેરમાં ઓમિક્રોન વેરિયંટ સક્રિય ભાગ ભજવી રહ્યો છે. એક તરફ, કોરોનાનો આ વેરિયંટ ઓછો ઘાતક હોવાથી હોસ્પિટલાઈઝેશન તેમજ ગંભીર હાલત ધરાવતા દર્દીઓનું પ્રમાણ ખૂબ જ ઓછું રહ્યું છે, પરંતુ બીજી તરફ હૈદરાબાદમાં ઓમિક્રોનની સાથે ખતરનાક ગણાતા ડેલ્ટા વેરિયંટના કેસો પણ અચાનક વધતા ડૉક્ટરો ચિંતામાં મૂકાયા છે. શહેરની ઘણી પ્રાઈવેટ હોસ્પિટલોમાં તાવ, સૂકી ઉધરસ અને ઓક્સિજનના સ્તરમાં ચઢ-ઉતર થતી હોય તેવા દર્દીઓની સંખ્યા છેલ્લા ૧૦ દિવસમાં અચાનક વધવા લાગી છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૨૧માં દેશમાં ડેલ્ટા વેરિયંટને કારણે બીજી લહેર આવી હતી. જે ખૂબ જ ભયાનક સાબિત થઈ હતી. તેમાં મોટી સંખ્યામાં લોકોના મોત થયા હતા, અને હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી હતી.

## દિલ્હીમાં વિકેન્ડ કર્ફ્યુ સમાપ્ત, નાઈટ કર્ફ્યુ ચાલુ રહેશે

**બજારોમાંથી ઓડ-ઈવન હટાવી દેવામાં આવશે, ૫૦%ની ક્ષમતા સાથે રેસ્ટોરન્ટ, બાર અને સિનેમા હોલ ખોલાશે**

નવી દિલ્હી, તા.૨૭

દિલ્હીમાં કોરોનાની ગતિ ધીમી પડ્યા બાદ દિલ્હી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (ડીડીએમએ)ની આજે થયેલી બેઠકમાં પ્રતિબંધોમાં ઘણી રાહત આપવામાં આવી છે. ડીડીએમએએ વીકેન્ડ કર્ફ્યુ સમાપ્ત કરવાનો નિર્ણય લીધો હતો. જોકે, નાઈટ કર્ફ્યુ રાત્રે ૧૦ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી ચાલુ રહેશે. બજારોમાંથી ઓડ-ઈવન હટાવી દેવામાં આવશે. આના સિવાય ૫૦%ની ક્ષમતા સાથે રેસ્ટોરન્ટ, બાર અને સિનેમા હોલ ખોલવામાં આવશે. લગ્નમાં હવે ૨૦૦ લોકો સામેલ થઈ શકશે જ્યારે સ્કૂલ ખોલવાનો નિર્ણય ડીડીએમની આગામી બેઠકમાં લેવામાં આવશે. દિલ્હીના સરકારી કાર્યાલયોને ૫૦% ક્ષમતા સાથે ખોલવાની અનુમતિ મળી ગઈ છે. ડીડીએમએના નિર્ણયો ડીડીએમએ દ્વારા ઔપચારિક આદેશ જારી કર્યા બાદ લાગુ કરવામાં આવશે.

હાર્દિક અભિનંદન



શ્રી પિનાકીન રાવલ

પ્રમુખશ્રી, શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા)


આપની ગુજરાત રાજ્યકક્ષાના બ્રહ્મસમાજના પ્રમખપદે થયેલ વરણીને અંતરના ઉમળકાથી વધાવીએ છીએ... આપના નેતૃત્ત્વમાં બ્રહ્મસમાજ વિકાસ વિસ્તાર વધારે તથા સંગઠન વધુ મજબુત બને એવી શુભકામનાઓ સહ...

જય મહાદેવ... હર હર મહાદેવ

લિ.

શૈલેષભાઈ પંડ્યા

(પૂર્વ પ્રમુખ, ગાંધીનગર સમસ્ત બ્રહ્મસમાજ)



॥ જય મહાદેવ ॥

हार्दिक अभिनंदन !

સ્વામી શ્રી સચીદાનંદજી મહારાજને પદ્મભૂષણ એવોર્ડ થી નવાજવામાં આવ્યા તે બ્રહ્મસમાજ માટે ગૌરવ લેવાની વાત છે. સ્વામીજીને કોટી વંદન અને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવીએ છીએ, વ્યસન મુક્તિ અને સામાજીક અને શૈક્ષણિક ક્ષેત્રે કરેલ કામગીરી બદલ આપશ્રીને આપવામાં આવેલ એવોર્ડ ખુબ આવકારદાયક છે.

સ્વામીજીના દિર્ઘાયુ માટે પ્રાર્થના પૂર્વક શુભેચ્છા પાઠવીએ છીએ

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર

કારોબારી સમિતિ

મહિલા પાંખ કારોબારી

યુવા પાંખ કારોબારી